## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

માનું નામ આદિ,માનું નામ અંત
મારી માનું નામ છે, અનાદિઅનંત.
માનું નામ પાણી,માનું નામ વાણી
માનું નામ આપણા હોવાની કહાણી.
ઝરણાં નદી સાગર વહે ખળખળ,
માનું નામ કેવું રટે પળપળ.
માનું નામ જળ,માનું નામ સ્થળ
માનું નામ મારૂં હદયકમળ.
માનું નામ નાનું,માનું નામ મોટું
માનું નામ સાચું,બીજું બધું ખોટું.

- નયના જાની

### પાથેય

- રમેશ ઠક્કર

# માનું મહિમાગાન...

જનેતા આપણને લાડ લડાવે છે..આપણે એને વ્હાલ કરીએ છીએ..આપણા જીવનનો લઘુતમ સાધારણ અવયવ એટલે મા..એનું નામ આદિ છે..એ અનંત છે..એટલે કે અનાદિઅનંત છે..મા તે મા અને બીજા બધા વગડા ના વા એવું કંઇ અમસ્તું નથી કહેવાયું..

મા માટે 'જનેતા' જેવો અદ્ભૂત શબ્દ આપણી ભાષા જ આપી શકે !..મા વિશે કશું જ ના લખી શકાય..એના ઉપકાર કે એનું વ્હાલ શબ્દોથી આલેખી શકાય નહીં..જનનીની કેવળ એક જ જોડ જગતપિતાએ બનાવી છે..એ છે જનની !માડીનો મેઘ બારેમાસ વરસતો રહે છે..!...કવિ બહેરામજી મલબારી કહે છે એ શબ્દો જનની,જન્મભૂમિ અને જનનીએ આપેલી ભાષા એટલે કે માતૃભાષા ત્રણેયને લાગુ પડે છે..."અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લ્હેણું..."

જગત માટે જેમ જળ જરૂરી છે એમ જ માતાનું બળ પણ જરૂરી છે..એ જ પાણી એ જ આપણી વાણી..આપણી કાલીઘેલી ભાષાને એ આકાર આપે છે..આપણી ટગુમગુ ચાલને એ સ્થિર દિશા આપે છે..મા એટલે આપણી હયાતી,આપણા હોવાપણાની કહાણી..

એ બધી ઉપમાઓથી પર છે..એ અનેક શકયતાઓથી સભર છે..ખળખળ વહેતા ઝરણા જેવું એનું નિર્દોષ સ્મિત એક આસ્થા છે..નદીને પણ આપણે માતા કહીએ છીએ..એ એના કાંઠે વસતા અનેક જીવોને પોષે છે..એની ગોદમાં પનાહ આપે છે..કવિ કહે છે માનું નામ એટલે જળ..માનું નામ એટલે મનગમતું સ્થળ..એ જ તો હોય છે આપણું હદયકમળ !

આપણે ગમે તેટલા મોટા બનીએ..માની ઉંચાઇને આંબી શકતા નથી..એની ગરવાઈની સામે કોઇની ગણતરી થઈ શકે નહીં..શબ્દાર્થની રીતે ભલે એ એક જ અક્ષરનું નામ હોય પરંતુ એની ઉપર આપણા આખા જીવનની બારાખડીનો આધાર હોય છે..જગતમાં માનું નામ જ સાચું છે..એનું નામ જ મોટું છે..રામનામ સત્ય હોય બાકી બધું મિથ્યા એમ માની મમતા જ સાચી બાકી બધી કાચીપાકી...!

# દ્રૌપદીનો દિગ્વિજય : કૃતજ્ઞ રાષ્ટ્રનું પાયશ્ચિત પર્વ

આ જ દેશના ભવ્ય ભૂતકાળમાં ડોકિયું કરીએ તો મહર્ષિ વેદવ્યઆસના સર્વકાલીન કલાસિક મહાકાવ્યમાં ત્રણ વિશિષ્ટ પાત્રો નજરે પડશે : દ્રૌપદી, જે મહાભારતની મહાનાયિકા છે, દ્રોણાચાર્ય જે રાજવંશના ગુરુ છે અને એકલવ્ય જે વનવાસી એકલવીસ વિદ્યાર્થી છે. આજે જયારે ઓડિશાના અંતરિયાળ મયૂરગંજ પંથકના રાયરંગપુરના એકલવ્ય કુળના વંશજો દ્રૌપદી મુર્મૂના દિગ્વિજયની ઉજવણીમાં બુંદીના લાડુ આરોગી રહ્યા છે અને વનકન્યાઓ મસ્તીથી નાચી રહી છે ત્યારે દ્વાપર યુગીન અતીત ના સાંભળે તો જ નવાઈ. ત્યારે પણ એક દ્રૌપદી હતી જે અગ્નિકુંડમાંથી પ્રગટ થઈ હતી અને પોતાની ઈચ્છા વિરુદ્ધ ફક્ત કુલ પરંપરામાં માતાનું વેણ વધાવી લેવા એને પાંચ પાંચ પતિઓ વચ્ચે વહેંચાવું અને વહેરાવું પડ્યું હતું. એણે ભરી 'રાજયસભા'માં નીચી મૂંડીએ બેસી વસ્ત્રાહરણ જોતા એ પાંચે વીર પુરુષોને જુગારમાં હારી જમાયેલી ધર્મપત્નીને વહાર કરવાની તાકાત ગુમાવી બેઠેલી હાલતમાં જોયા હતા. ભીષ્મ, દ્રોણ કે કૃપાચાર્ય એક હરફ નહોતા ઉચ્ચારી શક્યા અને નાછૂટકે એને કૃષ્ણને સંભારી ઈજ્જત બચાવવી પડતી હતી. પેલા નિર્દોષ વનવાસીનો વાંક એટલો જ કે એણે પોતાને શિષ્ય તરીકે જાતિગત કારણોસર નહીં સ્વીકારનાર દ્રોણની મૂર્તિ બનાવીને આપબળે ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી હતી. એને બહુ મોટી ફી ચૂકવવી પડી હતી. આ તમામ કલંકકથાઓનું પ્રાયશ્ચિત આ મહાન રાષ્ટ્રે દ્રૌપદી મુર્મૂને દેશના સર્વોચ્ચ પદે પ્રસ્થાપિત કરીને સંપન્ન કરી દીધું છે એમ કહીએ તો એ અતિશયોક્તિ નહીં લેખાય.

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માનસ અત્યંક ક્રિએટિવ છે. એમણે ભલે વ્યૂહાત્મક દષ્ટિકોણથી આ અંતરિયાળ પૂર્વ ભારતની વનવાસી મહિલાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે પસંદ કરયા હોય પણ એથી અજાણતાં જ આપણાં પાંચ હજાર વર્ષ જૂના પાપોનું પ્રક્ષાલન થઈ જાય છે. રાજકીય સમીકરણોની રૂએ તો દ્રૌપદી મુર્મૂએ ફોર્મ ફર્યું તે જ દિવસે તેઓ જીતી ગયેલા હતાં, પરંતુ લોકશાહીના સિદ્ધાંત મુજબ વિપક્ષોએ એક સુયોગ્ય પ્રતિસ્પર્ધીને મેદાનમાં ઉતારીને બંધારણીય અપેક્ષા જ પૂરી કરી છે. દેખીતી રીતે કાર્યદક્ષતા, અનુભવ અને પ્રતિભામાં વિપક્ષી ઉમેદવાર યશવંત સિન્હા એનડીએ (મોદી કહો)નાં ઉમેદવાર કરતાં તમામ દૃષ્ટિએ ચડિયાતા હતા. પરંતુ સમીકરણો તો શરૂથી જ એમની વિરુદ્ધ હતા. સમય જતાં વિપક્ષો પણ આદિવાસી ફેકટરના વોટ ગણિતને જોઈ વેરવિખેર થતા ગયા અને 'વ્હીપ' નહીં હોવાથી દ્રૌપદીની તરફેણમાં ક્રોસ વોટિંગ પણ થયું. કાઉન્ટિંગના ત્રીજા રાઉન્ડમાં જ આ નસીબદાર એકલવ્ય - વંશજાએ બાજી મારી લીધી. જો કે એથી યશવંત સિન્હાની આબરૂ ઓછી થઈ એમ માનવાને કોઈ કારણ નથી. ઉત્તમ તો એ ગણાશે કે દ્રૌપદી મુર્મૂ નરેન્દ્ર મોદી, અમિત શાહ કે જે પી નડ્ડાના પડછાયામાંથી બહાર આવી યશવંત સિન્હાને સામા પગલે એમના નિવાસ સ્થાને મળવા જાય અને રાષ્ટ્રપતિ ભવનમાં એમના કાર્યાલયની લગોલગ - વિશિષ્ટ રાજકીય સલાહકારની ભૂમિકા ભજવવા - યશવંત સિન્હાને વિનંતી કરી રોજિંદી કાર્યવાહીમાં સામેલ કરવા ચેમ્બર ફાળવે.

# Child Psychology (બાળકોનું મનોવિજ્ઞાન) અને દાંતની સારવાર

**ભાગ-૨**

મિત્રો ગયા અંકમાં આપણે મનોવિજ્ઞાનની થિયરી વિશે માહિતી મેળવી. આજે આ અંગે વિસ્તૃત ચર્ચા કરીએ. તેને દાંતની સારવારનાં સંદર્ભમાં જાણીશું.

તો મિત્રો Psychoanaytic થિયરી મુજબ જે ૮ સ્ટેજ વિશે માહિતી તે મુજબ



Stage I) Basic Trust Vs Basic Mistrust (મૂળભૂત વિશ્વાસ / અવિશ્વાસ)

અનુસાર જન્મથી ૧૮ મહિના સુધી બાળખને માતાપિતાની ખાસ કરીને માતાની હૂંફ, પ્રેમ અને કાળજીની આવશ્યકતા હોય છે. આ સમયગાળામાં કાળજીનો અભાવ બાળકને ભવિષ્યમાં કેવો વ્યક્તિ બનશે; જે II) સ્વાવલંબી હશે કે શરણ, સંકોચ (૧૮ મહિના - ૩ વર્ષ) કે પછી જયારે એ શાળામાં જશે; ત્યારે Stage III) આપસૂઝ ધરાવતું હશે કે અપરાધબોધની ભાવના ધરાવતું હશે. (૩ વર્ષ - ૬ વર્ષ) તે તરફ આંગળી ચીંધે છે.

આગળ જતા મોટી ઉંમરમાં વ્યક્તિમાં આવતા પરિવર્તન અંગે પણ ધ્યાન દોરે છે. જેમાં સ્વ - ઓળખ કે અસ્પષ્ટ વ્યક્તિત્વ કે પછી વ્યક્તિમાં આત્મવિશ્વાસ કે પછી તેનો અભાવ (લઘુતા ગ્રંથિ) વિકસે છે. તે પર પણ આધારિત છે. આ વ્યક્તિ સમાજમાં, પરિવારમાં કે મિત્રો સંબંધોમાં વ્યક્તિગત મલ્યો; વ્યક્તિની રચનાતાત્મકતા વગેરે પણ પણ તેની અસર પડે છે.




હવે જયારે બાળકની દાંતની સારવારનાં સંદર્ભમાં આ સ્ટેજ વિશે વિચારવામાં આવે.

Stage I) ૦-૧૮ મહિના - આ દરમિયાન બાળકને દાંતની સારવાર લેવી પડે તેવી સંભાવના ઓછી છે. ફક્ત ખાસ પ્રકારનાં કેસમાં, જેમ કે આપણે કલેફ્ટ લિપ / પેલેટ વિશે માહિતી મેળવી તેવી પ્રકારનાં દર્દીઓની નાનપણમાં જ સારવાર શરૂ થઈ જાય છે. સ્વાભાવિક રીતે બાળકની સાથે માતા / પિતાની હાજરી અનિવાર્ય છે. જેથી કરીને બાળકનો વિશ્વાસ અને સહયોગ કેળવી શકાય.

Stage II) ૧૮ મહિલા - ૩ વર્ષ (સ્વાવલંબિતા / શરમ,સંકોચ)

આ ઉંમરમાં પણ બાળકને સારવાર દરમિયાન માતાપિતાની હાજરીની આવશ્યકતા રહે છે. પરંતુ ઘણી વાર ખાસ પ્રકારની પદ્ધતિ જેમ કે સીડેશન અથવા જનરલ એનેસ્થેસિયા આપી બાળકને અર્ધબેભાન અવસ્થામાં રૂટ કેનાલ / અથવા દાંત પાડવા જેવી પ્રક્રિયા હાથ ધરાય છે.

Stage III) (આપસૂઝ / અપરાધબોધ) ૩ વર્ષ-૬ વર્ષ

શાળાએ જતુ બાળક ઘણું ખરું, રમતિયાળ, પ્રશ્નો કરતું અને કુતૂહલ ધરાવતું હોય છે. તે નવી નવી વસ્તુઓ અંગે જાણવા માટે જિજ્ઞાસુ હોય છે. જો બાળક આપસૂઝ ધરાવતું હોય તો તેને માતાપિતાની હાજરી અનિવાર્ય હોય તે જરૂરી નથી.

પરંતુ તેનાથી વિરુદ્ધ બાળક જો શરમાળ એકલપંડુ કે ગભરુ હોય તો તે સારવાર માટે આનાકાની કરી રડી શકે છે. આ પ્રકારના બાળકો સાથે કામ કરવા માટે બિહેવિયર મેનેજમેન્ટ ટેકનિકનો પ્રયોગ કરવામાં આવે છે. જેમાં બાળકની Positive અને negative Reinforcement, Reward (ભેટ આપવી) વગેરે મુખ્ય છે.

જનરલ એનેસ્થેસિયામાં સારવાર તથા બિહેવિયર મેનેજમેન્ટ એ પોતે જ સમજવા જેવા મુદ્રા છે. જેને ભવિષ્યના અંકોમાં આપવામાં આવશે. તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવીશું.

બિહેવિયર મેનેજમેન્ટ નામ મુજબ જ આ પધ્ધતિને બાળકનો વ્યવહાર સુધારી તેને યોગ્ય દિશામાં વાળીને તેની સારવાર યોગ્ય રીતે કરવા માટે છે.

આનાથી આગળની માહિતી આપણે આવતા અંકે મેળવીશું.

# Team Shraddhadeep

### દિન મહિમા

- રાષ્ટ્રીય પ્રસારણ દિવસ
- લોકમાન્ય ટિળકની જન્મ જયંતિ, ભારતનાં સ્વાતંત્ર્ય સેનાની
- ચંદ્રશેખર આઝાદની જન્મ જયંતિ, ક્રાંતિકારી

આજનું

### ઔષધ

- ગાંઠ ઉપર અરણીના મૂળને દૂધમાં ઘસી લેપ કરવાથી ગાંઠ બેસી જાય છે અને ઓગળી જાય છે.

### ખડખડાટ

- દૂધ ફાટી જાય તો GST રિફંડ મળે ??
પૂછતા હે ભારત
મોદીજી : ના, એનું પનીર બને અને ફરીથી GST લાગે..!

આજનું

### વોટ્સએપ

- પોતાની ઓળખાણ બતાવવા માં સમય બરબાદ ન કરો.. મહેનત કરો સમય ખુદ તમારી ઓળખાણ બીજાને કરાવશે.

# વડનગરના વસંતભાઈ : સાધુતાનો ભીતરી રંગ

ઉત્તર ગુજરાતના નગર વડનગરના નામથી આજે તો આખો દેશ પરિચિત છે. ભારતના પ્રધાનમંત્રી જે નગરના હોય તે નગરના નામથી કોણ અપરિચિત રહે? એક સામાન્ય પરિવારમાં જન્મ લેનાર વ્યક્તિ સ્વબળે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશમાં સર્વોચ્ચ સ્થાને બિરાજે એ ગૌરવપ્રદ ઘટના છે. વડનગરનું તેમજ સમગ્ર ગુજરાતનું આ ગૌરવ છે. પરંતુ વડનગરના આ સિવાય પણ અનેક ઉજળા પાસાઓ છે. વડનગરમાં સ્થાયી સ્વરૂપે બિરાજીને ભગવાન હાટકેશ્વર સમગ્ર સૃષ્ટિ ઉપર અમી દ્રષ્ટિ ફેરવી રહ્યા છે. તેમની કૃપા સાર્વજનિક તથા સાર્વત્રિક છે. આ નગરીની બે યુવાન બહેનો તાના-રીરી સંગીતની ભવ્ય દુનિયામાં ગિરિશૃંગ સમાન છે. તાના-રીરીની ઐતિહાસિક ગાથા વડનગરની ગરવાઈ તેમજ ઉદારતાની સાક્ષી પુરે છે. વડનગરના તોરણ આજે પણ ઉત્તમ કૃતિ ગણાય છે. તોરણ એ માત્ર વડનગરની જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતની ઓળખ સમાન પ્રતીક છે. આ નગરને જ પોતાનું કર્મક્ષેત્ર બનાવી ડો. વસંત પરીખ(૧૯૨૯થી ૨૦૦૭) સેવાની એક અનોખી સુવાસ પાથરીને ગયા. વસંતભાઈના ઉચિત ઉલ્લેખ સિવાય વડનગરની ગાથા પુરી થતી નથી.

વસંતભાઈના વ્યક્તિત્વના તો અનેક પાસા છે. આ પાસાઓ પૈકી એક બાબત એવી છે કે તેઓ નગરપાલિકા તેમજ વિધાનસભાની ચૂંટણીઓ પણ લડ્યા અને જીત્યા. ગુજરાતની ગૌરવશાળી વિધાનસભાના તેઓ ૧૯૬૭થી ૧૯૭૨ સુધી અપક્ષ સભ્ય હતા. સામાન્ય રીતે ગુજરાતમાં અપક્ષ સભ્યો ઓછા હોય છે. અપક્ષો ખાસ કરીને વિધાનસભા કે લોકસભાની ચૂંટણીઓમાં જોઈએ તેવું લોક સમર્થન મેળવી શકતા નથી. આમ છતાં આ સામાન્ય નિયમોના કેટલાક સુખદ અપવાદ પણ છે. આવા અપવાદને જોતાં એમ કહી શકાય કે હીરા પારખુ ગુજરાતીઓએ પાક્કી ઓળખ કરીને કેટલાક અપવાદ કર્યા છે. આમ ન થયું હોત તો પ્રોફેસર પુરુષોત્તમ માળવંકર જેવા નખશીખ અધ્યાપક લોકસભામાં પહોંચી ન શક્યા હોત. વસંતભાઈ આવો જ એક સુખદ અપવાદ છે.

હોસ્પિટલ તથા દર્દીઓ સાથે વસંતભાઈનો આજીવન ઘરોબો રહ્યો. ડોક્ટર તરીકેનો સ્વધર્મ જોવા-સમજવા તેમજ આચરવાની પૂર્ણ શક્તિ આ તબીબમાં હતી. રાધનપુર જેવા પ્રમાણમાં તે સમયના પછાત એવા વિસ્તારમાં આવી એક કરુણામય ભાવનાથી જ તેઓએ કાર્ય કર્યું. સહજ કર્મ એ તેમનો જીવન ધર્મ હતો. આજના સંદર્ભમાં વાત કરતા કે સાંભળતા આશ્ચર્ય થાય તેવી ઘટનાઓ ડો. વસંત પરીખના જીવન સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. એમના મનની ઈચ્છા તથા સ્થાનિક જરૂરિયાત હતી કે ગામમાં એક પ્રસુતિગૃહની સવલત હોવી જોઈએ. પરંતુ નાણાકીય ભંડોળ કે મકાનની વ્યવસ્થા શી રીતે કરવી? ખબર નહિ પરંતુ આવા કામોમાં ઈશ્વરી સંકેતને કારણે કોઈને કોઈ પ્રકારે રસ્તો નીકળી જાય છે. વડનગરના જ એ સંપન્ન પરિવારનું હવેલી કહી શકાય તેવું મોટું મકાન હતું. શેઠ તો મુંબઈ રહે. આ શેઠના વ્યકિતત્વની પણ એક અલગ છાપ વસંતભાઈના મનમાં હતી. તેઓ સ્નેહી તો હતા જ પરંતુ અભ્યાસુ તેમજ પ્રગતિશીલ પણ હતા. વસંતભાઈ પુરા આત્મવિશ્વાસ સાથે મુંબઈ જઈને શેઠને મળ્યા. વડનગરમાં બહેનોની રાહત માટે એક પ્રસુતિગૃહ કરવાની આવશ્યકતા સમજાવી. શેઠનું જે વડનગરનું મોટું મકાન છે તે મકાન ખાસ વપરાશમાં ન હોવાથી પ્રસુતિગૃહ માટે આપવા વિનંતી કરી. એક ક્ષણના વિલંબ સિવાય શેઠ વસંતભાઈને કહે છે: 'સૂર્યચંદ્ર તપે ત્યાં સુધી એ ઘર તને આપ્યું." ઉદારતા તેમજ કરુણાનું આ જવલંત ઉદાહરણ છે. ગુજરાતમાં આવી વણલખી મહાજન પરંપરાનો ઉજળો ઈતિહાસ છે. આ કિસ્સામાં પણ એમ જ થયું. પરંતુ આ વાતનો એક બીજો ભાગ આપણાં આ મહાજનોની વ્યાપક તેમજ સર્વ સમાવેશક દ્રષ્ટિનો પરિચય કરાવે છે. વસંતભાઈ લખે છે કે શેઠના મકાનમાં પ્રસૂતિગૃહની શરૂઆત થયા બાદ એકાદ વર્ષ પછી ફરી વખત શેઠને મળવાનું થયું. સ્વાભાવિક રીતે જ શેઠની ઉદારતા તેમજ તેનાથી થયેલા લોક ફાયદાની વાત વસંતભાઈએ સમજાવી. અનુભવથી સમૃદ્ધ તથા સર્વના હિત માટે જાગૃત એવા શેઠ વસંતભાઈને એકાએક જ પૂછે છે: "ગામમાં સામાજિક રીતે પછાત હોય તેવા ઘર કેટલાં?" વસંતભાઈ અનુમાન કરીને આંકડો આપે છે. આ વર્ગમાંથી કેટલી બહેનોએ પ્રસૂતિગૃહનો લાભ લીધો. તેવા શેઠના પ્રશ્નના જવાબમાં વસંતભાઈએ સંકોચ સાથે આ આંકડો આપ્યો. સંકોચ એટલા માટે કે આવા લાભ મેળવનારા બહેનોની સંખ્યા ઓછી હતી. હવે શેઠ વસંતભાઈને જે કહે છે તે સાંભળવા જેવું છે. શેઠ કહે: "આ આંકડો જોતાં તારી સેવા કાચી ગણાય." સર્વોદયની કેવી ઊંડી સમજ આ ગુણિયલ શેઠમાં હશે તેની કલ્પના જ કરવી રહી. ગુજરાત આવા લોકોથી ઉજળું થયું છે. આ પ્રકારના લોકોની દ્રષ્ટિ હંમેશા છેવાડાના માનવી તરફ રહી છે.




ભુજના રમેશભાઈ સંઘવીએ "સાચના કાચમાંથી" નામે એક સુંદર પુસ્તકનું સંપાદનકાર્ય કર્યું છે. 'અકાલ પુરુષ'ની અનોખી સેવા સુવાસ તો રમેશભાઈના હિસ્સામાં છે જ પરંતુ ડો. વસંત પરીખના જીવન તેમજ કાર્યો સંબંધેના આ પુસ્તકથી સોનામાં સુગંધ ભળી હોય તેવો ઘાટ થવા પામ્યો છે.

વસંતભાઈની વિસ્મૃતિ થાય તો તે આપણું સામાજિક તેમજ સામુહિક નુકસાન છે. આથી રમેશભાઈએ આ પુસ્તિકા લખીને આપણાં પર ઋણ ચડાવ્યું છે. વસંતભાઈની દ્રષ્ટિથી કામ કરવાની તથા જગતને નીરખવાની વૃત્તિ જીવનમાં ઉતારીએ તો અનેક શુભ પરિણામો મળી શકે. ડો. વસંત પરીખના ઉલ્લેખ સિવાય વડનગરની ગૌરવગાથા પુરી થતી નથી.

# લેખનની તડકી છાંયડી... કભી ધૂપ કભી છાંવ...!

વાચન અને લેખન એક સિક્કાની બે બાજુ જેવાં છે..એમાં જયારે અંતરાલ પડે ત્યારે એ નવા મુકામ તરફ જવાનો અવસર બની જતો હોય છે..વાચવાનું અટકી જાય એ ઘણીવાર વસવસો બની જાય છે.એમ જ લખવાનું અટકી જાય ત્યારે આપોઆપ ઘણુંબધું છટકી ગયાનો રંજ થતો હોય છે.. સર્જક માટે કદીક એકવિધ વ્યસ્તતા અને સતત કામગીરી વચ્ચે શબ્દ કોરાણે મુકાઈ જાય એ સ્વાભાવિક બને.એકતરફ શુષ્ક માહોલ હોય અને બીજી તરફ પ્રચંડ ગરમીનો પ્રકોપ હોય ત્યારે શબ્દોને જાણે સુસ્તી ચડી ગઈ હોય એવું લાગતું હોય છે..આ બધાને અતિક્રમીને અવતરે એનું નામ સાહિત્ય.

લખવા માટેનો ઉત્તમ માહોલ કયો ? એવું કોઈ પુછે તો એટલું જ કહી શકાય કે જયારે તમને લખવાની મજા પડે એ સમય ઉત્તમ..આ પરિસ્થિતિ દરેક લખનાર માટે અલગ અલગ હોઈ શકે..ઘણા વ્યવસાયિક લેખકો નથી હોતા..નિજાનંદથી લખતા રહે છે.કેટલાક ફરજિયાત અને આજીવિકા માટે લખનાર સર્જકો પણ હોય છે..આ બંને પ્રકારોમાં એના ફાયદા છે એમ ગેરફાયદા હોય છે...કેટલીક વખત ફરજિયાત કરવું પડતું કામ તમને એક શિસ્ત આપે છે..તો નિજાનંદથી લખવામાં એક આગવી ખુમારી પ્રગટતી રહે છે..કલા કે લેખન એ આખરે તો ભાવકો માટે છે એવું માનનારો વર્ગ છે તો સામા છેડે કલા ખાતર કલાનો એક અલગ જોસ્સો હોય એવા લખનારની આગવી દુનિયા હોય છે..એક ભાવજગત હોય છે.

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે લખવા માટે એકાંત જોઈએ,નિરાંત જોઈએ..મુડ હોવો જોઈએ..પણ હંમેશાં એવું હોતું નથી..ચંદ્રકાંત બક્ષી કહેતા કે "લખવા માટે મારે કોઈ સગવડની જરૂર પડતી નથી..હું ઘોંઘાટ વચ્ચે પણ એકાગ્રતાથી લખી શકું છું..મારી શરૂઆતની તમામ નવલકથાઓ અને વાર્તાઓ મારી કલકતાની રેડીમેડ કપડાંની દુકાનના કાઉન્ટર ઉપર લખાયેલી છે..લખવાની મારી સ્ટાઈલ ખુની જે રીતે ખુન કરે એ પ્રકારની છે..!"

દિલિપ રાણપુરાને હું મળતો ત્યારે મેં એમને આ બાબતે પૂછેલું કે તમને સતત લખતા કોણ રાખે છે ? તો એમણે મજાકમાં કહેલું "જે લોકો મારી મજાક કરે છે..મને લખતાં કઈ રીતે આવડે એવી ઈર્ષ્યા કરે છે..એમને ખોટા પાડવા હું સતત લખું છું.." બાય ધ વે રાણપુરા સાહેબના અક્ષરો અને નાનકડા ગામના શિક્ષક તરીકે એમને જોતા નજીકના લોકોને એ લેખક હોય એનું આશ્ચર્ય લાગતું..સર્જકનો બાહય લિબાશ નહીં એના આંતરિક વૈભવને જોવાનો હોય છે..આપણી નજર ઘણીવાર એમાં થાપ ખાઈ જાય છે.

વિનેશ અંતાણી કોઈ નવલકથા પુરી કરે એટલે એમને એવું લાગે કે હવે આપણે સાવ નિચોવાઈ ગયા...હવે જાણે અંદર કશું જ રહ્યું નથી કહેવા માટે..પણ વળી થોડોક સમય થાય એટલે અંદર પાછો એક પિંડ રચાતો જાય લેખન માટે અને વ્યકત થવા મન થયા કરે..હમણાં દેવશંકર મહેતાની નવલકથાઓમાંથી ફરી પસાર થયો..એમણે શરૂઆત સરસ કરી હતી. પછી કોઈ વિવેચકે એમના લેખન વિશે બહુ આકરી આલોચના કરી..ગામડામાં રહેતા આ લેખકને એથી ખુબ લાગી આવ્યું..અને એમણે વર્ષો સુધી લખવાનું બંધ કરી દીધું...આખરે એમના સાઢુભાઈ અને દરિયાઈ નવલકથાઓના જબરજસ્ત સર્જક ગુણવંતરાય આચદ્રાર્યએ એમને ઢંઢોળ્યા અને પછી એમની કલમ સડસડાટ ચાલી...અને એમણે લોકપ્રિય નવલકથાઓથી આપણને ન્યાલ કરી દીધા...સાહિત્ય જગતમાં બે હમઝૂલ્ફ (સાઢુભાઈ)ની લેખકજોડી હોય એ પણ કમાલની વાત છે ને ? એ બંને બહેનો કેટલી નસીબદાર હશે ?

લેખનનો પ્રસવ કોઈ પરિસ્થિતિનો મોહતાજ નથી હોતો..તમારું સંવેદન કેટલું તીવ્ર છે એના ઉપર પણ આધાર હોય છે..પ્રિયકાંત પરીખ સતત ધારાવાહિક નવલકથાઓ લખતા. એનાં શિર્ષક અને પાત્રોનાં નામોમાં ગજબ વૈવિધ્ય એ લાવતા...એક કથા પુરી થાય ત્યાં તુરત જ એમની આગામી ધારાવાહિકની જાહેરાત થાય..એ મળે ત્યારે બિલકુલ હળવા લાગે..લાગે નહીં કે આટલા વ્યસ્ત લેખક હશે..એકવાર મેં એમને આ બાબતે પુછી જ નાખેલું ત્યારે એમણે ખુબ જ નમ્રભાવે કહેલું કે મારે માટે પ્રેરણા નહીં પણ મારા લાખો વાચકોની તાલાવેલી એ મહત્વનું પરિબળ છે..! અશ્વિની ભટ્ટની નવલકથાઓ અને એમનાં પાત્રો જાણે આપણાં નજીકનાં કોઈ સ્વજનો હોય એટલી હદે એનાથી આત્મીયતા થઈ જાય છે..લોકપ્રિય લેખકની ખાસિયત એ હોય છે કે એને વાંચતાં આપણને એવું લાગે છે અરે ! આ તો મારી જ વાત છે ! પરકાયા પ્રવેશ અને માનવ મનની સંકુલતાને જે સર્જક સહજ રીતે સ્પર્શી શકે છે એ જ વાચકને મુગ્ધ કરી શકે છે..જેમ વિવિધ ક્ષેત્રોમાં બે માણસો વચ્ચેની કેમિસ્ટ્રી હોય છે એમ જ લેખક અને વાચક વચ્ચેનું પણ એક રસાયણ હોય છે..




લોકપ્રિય લેખક માટે ભાવનાઓ કરતાં સંભાવનાઓ મહત્વની બાબત બની રહે છે...જે લોકો ફુલટાઈમ માત્ર લેખન જ કરે છે એમના માટે આપણને ગજબ વિસ્મય ભાવ હોય છે..જે લોકો અત્યંત વ્યસ્ત હોય છે એવા લોકો એમના લેખનશોખને કઈ રીતે જીવંત રાખતા હશે? એ વાતનું પણ ભારોભાર અચરજ સહુ કોઈને રહે છે..હમણાં મુનશીની "પૃથ્વી વલ્લભ "નવલકથા વાંચી એ લખવા કેટકેટલા સંદર્ભગ્રંથો એમણે વાંચ્યા છે એની યાદી જોઈ અવાક થઈ જવાય..."ભગ્ન પાદુકા" તો હૈદરાબાદના ખુનખાર અને મહત્વના કામ દરમિયાન એમણે શરૂ કરેલી નવલકથા..આટઆટલાં જાહેર પદોની પળોજણ વચ્ચે પણ એ આટલું મબલખ લખી શકે એ એક ચમત્કારથી કમ નથી..લેખકો જુદાજુદા વ્યવસાય કે અલગઅલગ પ્રદેશમાંથી આવતા રહે છે..એમની સંવેદના સાહિત્યનો અવિરત વહેતી સરિતાનો હિસ્સો બની જાય છે..ટોલસ્ટોયનું કોઈ સંવેદન હોય કે ચેખોવની કોઈ વાર્તા આપણને એ પોતીકી લાગે છે..એ જ રીતે ટાગોર કે ઉમાશંકરની કોઈ કવિતા હજારો માઈલ દૂર વસતા કોઈ વિદેશી વાચકને પણ પોતાની લાગે એવું બનતું હોય છે..

ક્યાંથી શોધી લે છે આ લોકો શબ્દને ? શું એની કોઈ ખાણ હોય છે ? એની કોઈ તાલીમ હોય છે..એને શોધવાનો કોઈ ઈલમ કે જાદૂ હોય છે ?આવું કુતુહલ આપણા મનમાં રમતું હોય છે."સાંવરિયો રે મારો સાંવરિયો.." એ સુમધુર ગીત રમેશ પારેખે ડબલડેકર બસમાં બેઠા બેઠા બસની ટીકીટ ઉપર લખી નાખેલું ! ભુખ ન જાણે ટાઢો ભાત નીંદ ન જાણે ટૂટી ખાટ..એવો ઘાટ સર્જક માટે સહજ હોય છે..!પણ આ તો થઈ મોટા અને નીવડેલા સર્જકોની વાત..એ વિસ્મયને ઘણા લેખક સુધી અમસ્તા જ વિસ્તારી શકાય. લખવું એ દરેક માટે ફરજિયાત હોતું નથી છતાં એક જરૂરિયાત તો હોય જ છે..લેખન એક અતૃપ્તિ છે. અભાવ છે. ઉત્કંઠા છે.. જેમ પાણીનો સોસ પડે એમ કદીક લખવાનો સોસ પણ પડતો હોય છે..એટલે ટપકતું રહે છે..એ સજાવે છે એની થનગનતી કલમને..ટેરવાંને..એ સળવળે છે..ફિનિક્સ પંખીની માફક.. અડાબીડ વ્યસ્તતા કે અંગત એવી બોઝિલ પળોના ઢગમાંથી તરફડીને..!

કેટલાક લેખકોને ડાયરી લખવાનો કે સતત કશુંક ટપકાવ્યે રાખવાનો શોખ હોય છે, મહાવરો હોય છે.એમાં એક સાતત્ય હોય તો મજા પડે..ઘણીવાર કામના ભારણને ઉલેચતાં શબ્દ વૈભવ ગાયબ થઈ ગયાનો એહસાસ થઈ જતો હોય છે. એ વખતે થોડીક નિરાશા ઘેરી વળે. પણ ત્યાં તો કોઈ ખૂણામાં લપાયેલા બાળકની જેમ 'હાઉક'કરતો એ ડોકાઈ જાય..અને બસ લખનાર તો એટલામાં જ રાજી રાજી..!શબ્દોની તડકીછાંયડી એ પણ જીવનના ઉતારચઢાવ જેવી હોય છે..સર્જક અને ભાવક વચ્ચેના સેતુની અનોખી ગાથા બની રહે છે. લેખક છે તો વાચકને પરિતૃપ્તિ બની રહે છે ,વાચક છે એટલે જ લેખકને ટકી રહેવાનો આધાર મળી રહે છે..આ સાયુજ્ય એ જ કદાચ સાહિત્યની દુનિયાનું ઉચ્ચતમ શિખર હોય છે !